રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪–૦૨–૨૦૧૮

**–: અખબારી યાદી :–**

રાજય ચૂંટણી આયોગે રાજયની ૧૪૨૩ ઉપરાંત ગ્રામ પંચાયતોની તા.૦૪–૦૨–૨૦૧૮ના રોજ ચૂંટણી યોજવા કાર્યક્રમ જારી કરવામાં આવેલ હતો.

ચૂંટણી જાહેર કરેલી ગ્રામ પંચાયતો પૈકી કેટલીક ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ તેમજ કેટલીક ગ્રામ પંચાયતો અંશતઃ બિનહરીફ થયા બાદ **૧૧૩૧** જેટલી ગ્રામ પંચાયતોમાં હરીફાઈથી ચૂંટણી માટે તા.૦૪–૦૨–૨૦૧૮ના રોજ મતદાન યોજાયેલ હતું. ચૂંટણી હેઠળની ઉકત **૧૧૩૧** ગ્રામ પંચાયતોમાં સ્થાનિકેથી મળેલ પ્રાથમિક અહેવાલો પ્રમાણે **૮૦.૬૮** ટકા મતદાન થયેલ છે. થયેલ મતદાનનું જિલ્લાવાર પત્રક આ સાથે સામેલ છે.

ચૂંટણી હેઠળની તમામ ગ્રામ પંચાયતોનું મતદાન વીજાણુ મતદાન યંત્રો દ્વારા લેવામાં આવેલ છે. આ ચૂંટણીઓ પક્ષીય ધોરણે યોજાતી નથી. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જિલ્લાઓની સંબંધિત ગ્રામ પંચાયતોમાં સરપંચ અને વોર્ડની બેઠકોની ચૂંટણીમાં વીજાણુ મતદાન યંત્રો બદલવાના નીચેના પ્રસંગ બનેલ છે પરંતુ તેને લીધે મતદાન પ્રક્રિયામાં કોઈ વિક્ષેપ પડેલ નથી.

(૧) પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકાની અડવાણા ગ્રામ પંચાયતના વોર્ડ નં.૪માં એક કન્ટ્રોલ યુનિટ બદલવું પડેલ છે.

(૨) જામનગર જિલ્લામાં લાલપુર તાલુકામાં મુળીલા ગ્રામ પંચાયતના મુળીલા–૨ મતદાન મથકના સરંપચની બેઠકનું બેલેટ યુનિટ બદલેલ છે.

(૩) જામગનર જિલ્લામાં લાલપુર તાલુકાના ધરમપુર ગ્રામ પંચાયતના વોર્ડ નં.૮ના ધરમપુર–૨ મતદાન મથકમાં બેલેટ યુનિટ અને કન્ટ્રોલ યુનિટ બંને ખરાબ થવાથી તે બદલેલ છે.

(૪) સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાની કંબોસણી ગ્રામ પંચાયતના વોર્ડ નં.૩ના મોકપોલમાં કન્ટ્રોલ યુનિટમાં ક્ષતિ જોવા મળતાં વીજાણુ મતદાન યંત્ર બદલેલ છે.

(૫) વડોદરા જિલ્લામાં મતદાનની ચાલુ પ્રક્રિયા દરમ્યાન વડોદરા તાલુકાના બે,કરજણ તાલુકાનું એક અને સાવલી તાલુકાના બે એમ કુલ પાંચ વીજાણુ મતદાન યંત્રો બદલેલ છે.

(૬) દેવભૂમિ ધ્વારકા જિલ્લાના ધ્વારકા તાલુકાના રાંગાસર ગામે મોકપોલ દરમ્યાન વીજાણુ મતદાન યંત્ર બદલેલ છે.

(૭) કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના વીજપાસર અને જૂના કટારીયા ગામે એક–એક વીજાણુ મતદાન યંત્ર તાંત્રિક ખામીને કારણે બદલેલ છે.

આજ રોજ મતદાન એંકદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે.

રાજય ચૂંટણી આયોગને મળેલ અહેવાલો પ્રમાણે છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાની ડુંગરગામ જુથ ગ્રામ પંચાયતના વોર્ડ નં.૨ના ઉમેદવાર રાઠવા ગીતાબેન જીજ્ઞેશકુમારને પ્રતીક ફાળવણી કરવામાં થયેલ કાર્યરીતિની અનિયમિતતાના કારણે વોર્ડ નં.૨નું પુનઃમતદાન તા.૫–૨–૨૦૧૮ના રોજ રાખેલ છે.

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાની ગોરીયા ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી માટેના પ્રાથમિક શાળા નિશાળ ફળિયું મતદાન મથકે ઈ.વી.એમ.ની ટેકનિકલ ક્ષતિના કારણે આ પેટા ચૂંટણીનું પુનઃમતદાન તા.૫–૨–૨૦૧૮ના રોજ રાખેલ છે.

ઉકત કિસ્સામાં પુનઃ મતદાન તા.૫–૨–૨૦૧૮ના રોજ સવારે ૮–૦૦થી સાંજના ૫–૦૦ કલાક સુધી યોજવામાં આવનાર છે.

ઉમેદવારી પત્રોની ચકાસણી પછી અને તા.૪–૨–૧૮ના રોજ મતદાન શરૂ થાય તે પહેલાં બોટાદ જિલ્લાના બોટાદ તાલુકાના ભાંભણ ગ્રામ પંચાયતના વોર્ડ નં.૭. ના સભ્યની તથા ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ઈંગોરાળા ગ્રામ પંચાયતના સરપંચ માટેના હરીફ ઉમેદવારનું અવસાન થવાના કિસ્સામાં ઉકત બેઠકોની ચૂંટણી રદ કરવામાં આવેલ છે .તેથી ઉકત બેઠકની ચૂંટણી યોજવા રાજય ચૂંટણી આયોગ નવેસરથી ચૂંટણીનો કાર્યક્રમ જારી કરશે.

ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ સંપન્ન થવા માટે રાજય ચૂંટણી આયોગ ગ્રામ પંચાયતોના મતદારો, ઉમેદવારો, ચૂંટણી સાથે સંકળાયેલ તમામ અધિકારીઓ/કર્મચારીઓ તથા પોલીસ તંત્રનો આભાર માને છે.

**(એ.એ.વ્યાસ)**
**નાયબ ચૂંટણી કમિશ્નર**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**ક્રમાંકઃ રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૧૩–૨૨૦૧૮–ક**

પ્રતિ,
માહિતી કમિશ્નરશ્રી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી સહ

<u>નકલ રવાના :–</u>

(૧) માનનીય રાજય ચૂંટણી કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
(૨) સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
(૩) રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ

ગ્રામ પંચાયતોની તા.૪-૨-૨૦૧૮ ના રોજ યોજાયેલ સામાન્ય (વિભાજન સહિત) ચૂંટણીની મતદાનની ટકાવારીની વિગત દર્શાવતું પત્રક-૧

સમય : ૮-૦૦ થી ૫-૦૦

| અ.નં. | જિલ્લાનું નામ | જાહેરનામા મુજબ કુલ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતો | સંપૂર્ણ બિનહરીફ ગ્રામ પંચાયતની સંખ્યા | ચૂંટણી હેઠળની કુલ ગ્રામ પંચાયતની સંખ્યા | મતદારોની સંખ્યા | | | મતદાન કરેલ મતદારોની સંખ્યા | | | ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| ૧ | આણંદ | ૧૨૫ | ૪ | ૧૧૫ | ૧૪૫૭૨૦ | ૧૩૩૬૬૧ | ૨૭૯૩૮૧ | ૧૨૧૮૯૩ | ૧૦૮૬૪૦ | ૨૩૦૫૩૩ | ૮૩.૬૫ | ૮૧.૨૮ | ૮૨.૫૨ |
| ૨ | તાપી | ૧૪ | ૧ | ૧૩ | ૧૩૫૧૮ | ૧૩૯૩૭ | ૨૭૪૫૫ | ૧૨૩૧૪ | ૧૨૪૭૮ | ૨૪૭૯૨ | ૯૧.૦૯ | ૮૯.૫૩ | ૯૦.૩૦ |
| ૩ | કચ્છ | ૬૭ | ૮ | ૫૦ | ૪૨૩૯૮ | ૩૮૭૦૩ | ૮૧૧૦૧ | ૩૩૪૦૮ | ૨૯૦૪૮ | ૬૨૪૫૬ | ૭૮.૮૦ | ૭૫.૦૫ | ૭૭.૦૧ |
| ૪ | વડોદરા | ૧૯૦ | ૧૨ | ૧૭૦ | ૧૯૦૬૨૫ | ૧૭૫૭૯૩ | ૩૬૬૪૧૮ | ૧૬૧૧૨૦ | ૧૪૯૮૩૦ | ૩૧૦૯૫૦ | ૮૪.૫૨ | ૮૫.૨૩ | ૮૪.૮૬ |
| ૫ | જુનાગઢ | ૨૫ | ૩ | ૨૨ | ૨૦૭૯૯ | ૧૯૧૦૭ | ૩૯૯૦૬ | ૧૬૭૨૨ | ૧૪૯૩૪ | ૩૧૬૫૬ | ૮૦.૪૦ | ૭૮.૧૬ | ૭૯.૩૩ |
| ૬ | ભરૂચ | ૧૯ | ૭ | ૧૨ | ૧૦૧૨૪ | ૯૭૦૬ | ૧૯૮૩૦ | ૭૬૨૬ | ૭૩૨૦ | ૧૪૯૪૬ | ૭૫.૩૩ | ૭૫.૪૨ | ૭૫.૩૭ |
| ૭ | જામનગર | ૨૨૫ | ૫૦ | ૧૫૩ | ૧૦૨૭૩૨ | ૯૬૬૧૬ | ૧૯૯૩૪૮ | ૮૨૦૮૨ | ૭૦૫૪૫ | ૧૫૨૬૨૭ | ૭૯.૯૦ | ૭૩.૦૨ | ૭૬.૫૬ |
| ૮ | દેવભૂમિદ્વારકા | ૬૧ | ૧૩ | ૪૮ | ૩૨૭૩૮ | ૩૦૦૬૧ | ૬૨૭૯૯ | ૨૬૫૬૨ | ૨૩૪૭૨ | ૫૦૦૩૪ | ૮૧.૧૪ | ૭૮.૦૮ | ૭૯.૬૭ |
| ૯ | મહેસાણા | ૨૦ | ૬ | ૧૪ | ૧૨૭૦૪ | ૧૧૮૦૬ | ૨૪૫૧૦ | ૧૦૧૫૫ | ૯૦૧૩ | ૧૯૧૬૮ | ૭૯.૯૪ | ૭૬.૩૪ | ૭૮.૨૦ |
| ૧૦ | અમરેલી | ૩૮ | ૫ | ૨૪ | ૨૦૧૪૨ | ૧૮૮૧૭ | ૩૮૯૫૯ | ૧૫૫૮૯ | ૧૩૪૦૪ | ૨૮૯૯૩ | ૭૭.૪૦ | ૭૧.૨૩ | ૭૪.૪૨ |
| ૧૧ | મોરબી | ૧૪ | ૪ | ૮ | ૬૬૭૧ | ૬૧૨૭ | ૧૨૭૯૮ | ૪૯૮૮ | ૪૩૮૭ | ૯૩૭૫ | ૭૪.૭૭ | ૭૧.૬૦ | ૭૩.૨૫ |
| ૧૨ | નવસારી | ૩૫ | ૨ | ૩૩ | ૩૧૭૯૦ | ૩૧૯૧૦ | ૬૩૭૦૦ | ૨૬૯૧૪ | ૨૬૭૦૮ | ૫૩૬૨૨ | ૮૪.૬૬ | ૮૩.૭૦ | ૮૪.૧૮ |
| ૧૩ | ભાવનગર | ૧૨૯ | ૪૩ | ૬૯ | ૬૦૧૧૮ | ૫૪૭૪૬ | ૧૧૪૮૬૪ | ૪૪૧૨૯ | ૩૭૧૨૯ | ૮૧૨૫૮ | ૭૩.૪૦ | ૬૭.૮૨ | ૭૦.૭૪ |
| ૧૪ | વલસાડ | ૧૩ | ૨ | ૧૧ | ૧૩૧૩૬ | ૧૩૧૩૩ | ૨૬૨૬૯ | ૧૦૫૫૬ | ૧૦૮૫૫ | ૨૧૪૧૧ | ૮૦.૩૬ | ૮૨.૬૫ | ૮૧.૫૧ |
| ૧૫ | નર્મદા | ૮ | ૦ | ૮ | ૧૬૬૫૪ | ૧૫૯૨૩ | ૩૨૫૭૭ | ૧૫૪૦૦ | ૧૪૬૪૭ | ૩૦૦૪૭ | ૯૨.૪૭ | ૯૧.૯૯ | ૯૨.૨૩ |
| ૧૬ | ખેડા | ૧૦ | ૧ | ૯ | ૧૨૭૦૨ | ૧૧૫૫૩ | ૨૪૨૫૫ | ૧૦૬૩૪ | ૯૨૫૨ | ૧૯૮૮૬ | ૮૩.૭૨ | ૮૦.૦૮ | ૮૧.૯૯ |
| ૧૭ | પંચમહાલ | ૩૧ | ૨ | ૨૯ | ૨૮૨૯૦ | ૨૭૧૬૪ | ૫૫૪૫૪ | ૨૨૭૦૧ | ૨૨૮૫૦ | ૪૫૫૫૧ | ૮૦.૨૪ | ૮૪.૧૨ | ૮૨.૧૪ |
| ૧૮ | મહિસાગર | ૨૦ | ૧ | ૧૯ | ૧૪૮૪૭ | ૧૩૮૧૫ | ૨૮૬૬૨ | ૧૨૮૨૫ | ૧૨૦૨૫ | ૨૪૮૫૦ | ૮૬.૩૮ | ૮૭.૦૪ | ૮૬.૭૦ |
| ૧૯ | સુરત | ૪ | ૩ | ૧ | ૬૨૬ | ૬૭૪ | ૧૩૦૦ | ૪૯૬ | ૫૧૫ | ૧૦૧૧ | ૭૯.૨૩ | ૭૬.૪૧ | ૭૭.૭૭ |
| ૨૦ | બોટાદ | ૩૫ | ૭ | ૨૭ | ૩૭૪૪૪ | ૩૪૦૪૪ | ૭૧૪૮૮ | ૨૭૯૭૫ | ૨૩૨૦૩ | ૫૧૧૭૮ | ૭૪.૭૧ | ૬૮.૧૬ | ૭૧.૫૯ |
| ૨૧ | બનાસકાંઠા | ૯ | ૪ | ૫ | ૫૦૪૮ | ૪૪૩૫ | ૯૪૮૩ | ૪૪૯૫ | ૩૮૬૨ | ૮૩૫૭ | ૮૯.૦૫ | ૮૭.૦૮ | ૮૮.૧૩ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૧૦ | ૧ | ૬ | ૩૯૪૫ | ૩૬૮૧ | ૭૬૨૬ | ૩૩૮૭ | ૨૯૫૧ | ૬૩૩૮ | ૮૫.૮૬ | ૮૦.૧૭ | ૮૩.૧૧ |
| ૨૩ | છોટા ઉદેપુર | ૪૯ | ૫ | ૪૪ | ૪૨૮૯૫ | ૪૦૩૩૭ | ૮૩૨૩૨ | ૩૫૯૮૯ | ૩૩૩૫૪ | ૬૯૩૪૩ | ૮૩.૯૦ | ૮૨.૬૯ | ૮૩.૩૧ |
| ૨૪ | અરવલ્લી | ૬૮ | ૪ | ૬૪ | ૮૨૬૮૨ | ૭૮૪૫૬ | ૧૬૧૧૩૮ | ૬૮૧૭૪ | ૬૦૮૨૭ | ૧૨૯૦૦૧ | ૮૨.૪૫ | ૭૭.૫૩ | ૮૦.૦૬ |
| ૨૫ | રાજકોટ | ૨૪ | ૫ | ૧૯ | ૨૬૦૦૧ | ૨૨૮૭૬ | ૪૮૮૭૭ | ૧૯૪૮૪ | ૧૬૧૪૫ | ૩૫૬૨૯ | ૭૪.૯૪ | ૭૦.૫૮ | ૭૨.૯૦ |
| ૨૬ | દાહોદ | ૪૦ | ૧ | ૩૯ | ૬૦૫૫૫ | ૬૦૦૬૯ | ૧૨૦૬૨૪ | ૫૦૭૦૦ | ૪૮૯૮૭ | ૯૯૬૮૭ | ૮૩.૭૩ | ૮૧.૫૫ | ૮૨.૬૪ |
| ૨૭ | ગીર સોમનાથ | ૧૧ | ૩ | ૮ | ૮૩૪૯ | ૭૮૬૫ | ૧૬૨૧૪ | ૬૭૫૯ | ૬૩૨૦ | ૧૩૦૭૯ | ૮૦.૯૬ | ૮૦.૩૬ | ૮૦.૬૬ |
| ૨૮ | પાટણ | ૨૧ | ૨ | ૧૯ | ૧૭૨૬૫ | ૧૫૫૬૯ | ૩૨૮૩૪ | ૧૫૧૨૫ | ૧૩૦૩૯ | ૨૮૧૬૪ | ૮૭.૬૦ | ૮૩.૭૫ | ૮૫.૭૮ |
| ૨૯ | પોરબંદર | ૯ | ૦ | ૯ | ૮૪૩૦ | ૭૬૦૮ | ૧૬૦૩૮ | ૬૫૯૮ | ૫૪૦૭ | ૧૨૦૦૫ | ૭૮.૨૭ | ૭૧.૦૭ | ૭૪.૮૫ |
| ૩૦ | અમદાવાદ | ૨૨ | ૯ | ૧૩ | ૭૯૪૧ | ૭૪૩૭ | ૧૫૩૭૮ | ૬૮૩૧ | ૬૦૩૭ | ૧૨૮૬૮ | ૮૬.૦૨ | ૮૧.૧૮ | ૮૩.૬૮ |
| ૩૧ | ગાંધીનગર | ૧૦ | ૩ | ૫ | ૭૯૭૮ | ૭૩૯૪ | ૧૫૩૭૨ | ૬૪૮૧ | ૫૯૩૯ | ૧૨૪૨૦ | ૮૧.૨૪ | ૮૦.૩૨ | ૮૦.૮૦ |
| ૩૨ | સાબરકાંઠા | ૭૧ | ૬ | ૬૫ | ૬૩૪૩૬ | ૫૯૦૩૨ | ૧૨૨૪૬૮ | ૫૨૯૬૦ | ૪૭૨૨૮ | ૧૦૦૧૮૮ | ૮૩.૪૯ | ૮૦.૦૦ | ૮૧.૮૧ |
| | કુલ | ૧૪૨૭ | ૨૧૭ | ૧૧૩૧ | ૧૧૪૮૩૦૩ | ૧૦૭૨૦૫૫ | ૨૨૨૦૩૫૮ | ૯૪૧૦૭૨ | ૮૫૦૩૫૧ | ૧૭૯૧૪૨૩ | ૮૧.૯૫ | ૭૯.૩૨ | ૮૦.૬૮ |